SAURASHTRA UNIVERSITY
P.G.T.R. Section
Main office,
First Floor,
University Road,
Rajkot - 360 005(Gujarat)
Phone No. : 2578501
Fax:(0281)2586983
www.saurashtrauniversity.edu

Accredited Grade'A' by NAAC

<u>વેબસાઈટ મારફત</u>

ક્રમાંક/પીજીટીઆર/૭/૩૧૦૫/૨૦૧૮ તા:-૨૯/૯/૨૦૧૮

To,
The Head of All P.G. Institute,
(Affiliated Saurashtra University,
Rajkot.)

To,
The Head, All Department,
Saurashtra University,
Rajkot.

વિષય:- રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃતિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકરશ્રીના ડીઝીટલ પોર્ટલનો ઉપયોગ કરવા બાબત.

સંદર્ભ :-(૧) ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૭/૨૩૯૭-૨૮૭૦ તા:-૨૦/૯/૨૦૧૮
(૨)આ વિભાગની મંજુર થયેલ તા:-૨૮/૯/૨૦૧૮ની નોંધ અન્વયે

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃતિઓ એનાયત કરવામાં આવે છે તો તેનો મહત્તમ વિદ્યાર્થીઓ લાભ લઈ શકે તે માટે સંદર્ભ (૧)ના બિડાણ કરેલ પરિપત્ર અને વેબસાઈટ www.digitalgujarat.gov.in માં દર્શાવેલ માહિતી મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

કુલસચિવ

બિડાણ:- તા:-૨૦/૯/૨૦૧૮નો સંદર્ભિત પત્ર

JRD HC

૬૩૬

ફોર્મ ભરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮

ક્રમાંકઃ હ–૨/સ્કો/૨૦૧૭/૨૩૬૭–૨૮૭૮
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ડૉ.જી. મ. ભવન, બ્લોક નં.૧૨,
ગાંધીનગર
તા.૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,
– ઉપ કુલપતિશ્રી, યુનિવર્સિટીઓ, તમામ..
– આચાર્યશ્રી, સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજો, તમામ..

વિષયઃ– રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ માટેની જુદી જુદી શિષ્યવૃત્તિઓનો લાભ લેવા માટે ગુજરાત સરકારશ્રીના ડીઝીટલ પોર્ટલ નો ઉપયોગ કરવા બાબત...

સંદર્ભઃ– શિક્ષણ વિભાગના તા.૧૪/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃએસસીએચ/૧૧૧૬/૫૩૯/છ ઉપરના આ કચેરીના તા.૧૮/૮/૨૦૧૭ના શેરા ક્રમાંકઃહ–૨/સ્કો/ ૨૦૧૭/ ૧૬૦૭–૨૧૩૯

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાજયની સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતા અને યુનિવર્સિટી ખાતે સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી જુદી જુદી શિષ્યવૃત્તિઓ એનાયત કરવામાં આવે છે. જેમાં ઉક્ત સંદર્ભ દર્શિત ઠરાવથી સરકારશ્રીએ શિષ્યવૃત્તિઓના દર, બેઠકોની સંખ્યા અને વિધાર્થીના વાલીની વાર્ષિક આવક મર્યાદામાં વધારો કરવામાં આવેલ છે. જેનો અમલ ગયા વર્ષથી કરવામાં આવેલ છે.

સદર ઠરાવમાં સમાવેશ કર્યા મુજબ સરકારી અને બિન સરકારી કોલેજોના વિધાર્થીઓ માટે (૧) ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતાં વિધાર્થીઓ માટે (૨) સંશોધન શિષ્યવૃત્તિ યોજનાનો તમામ વિધાર્થીઓ પૂરોપૂરો લાભ લઈ શકે તે માટે ગુજરાત સરકારશ્રી તરફથી એન.આઈ.સી. મારફતે વિકસાવવામાં આવેલ ઓન લાઈન પોર્ટલની મદદથી ગયા વર્ષે શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવેલ હતી.

જેનું વેબ એડ્રેસ **https://www.digitalgujarat.gov.in** છે. જેથી તેનો ઉપયોગ કરીને સને.૨૦૧૮–૧૯ના વર્ષની અરજીઓ ઓન લાઈન મોકલી આપવા માટે જણાવવામાં આવે છે જેમાં અરજી કરવાની છેલ્લી તા.૩૦/૧૧/૨૦૧૮ નિયત થયેલ છે. યોજનાની વિગતો પોર્ટલ ઉપર મૂકવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરવા જણાવવામાં આવે છે.

સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ કોલેજોના વિધાર્થીઓ રાજ્ય સરકારશ્રીની ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ યોજના અને જુદી જુદી યુનિવર્સિટીઓમાં સંશોધનનો અભ્યાસ કરતા વિધાર્થીઓ સંશોધન શિષ્યવૃત્તિ નો મહત્તમ લાભ લઈ શકે તે માટે પરિપત્ર કરીને તેમજ જે તે કોલેજ/સંસ્થાના નોટિસબોર્ડ ઉપર આ બાબત પ્રસિધ્ધ કરીને તમામ વિધાર્થીઓના ધ્યાન પર આ બાબત લાવશો અને પાત્રતા ધરાવતો કોઈ વિધાર્થી આ શિષ્યવૃત્તિઓના લાભથી વંચિત ન રહી જાય તે પ્રમાણેની કાર્યવાહી કરશો.

સરકારશ્રીની યોજનાઓનો મહત્તમ વિધાર્થીઓ પૂરેપૂરો લાભ લઈ શકે તે માટેના કોલેજ/યુનિ. કક્ષાએથી સઘન પ્રયત્નો થાય અને સદર કાર્યવાહી તા.૩૦/૧૧/૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવા માટે સબંધિતોને સૂચના આપવા જણાવવામાં આવે છે. ઓન લાઈન અરજી કરવા માટે નીચે મુજબ કાર્યવાહી કરવાની થશે.

**www.digitalgujarat.gov.in → Student coner →Scholarship → concern Scholarship scheme* → Apply online** પરથી ફોર્મ ભરવાનું રહેશે.

* નોંધ: **concern Scholarship scheme** માં જે તેને લાગુ પડતી **Higher education scholarship scheme, Research scholarship scheme** યોજના પૈકી જે યોજનાનો લાભ લેવા માંગતા હોય તે સીલેકટ કરવાની રહેશે. યોજનાની વિગતવાર માહિતી પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે.

આમ આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓએ તા.૩૦/૧૧/૨૦૧૮ પહેલાં ઓન લાઈન અરજી કરવાની રહેશે. ઓફ લાઈન મેન્યુઅલ અરજી પત્રકો અત્રે સ્વીકારવામાં આવતાનથી તેની જાણ સબંધિત વિધાર્થીઓને કરશો. તેમજ આપની કોલેજનો કોઈ વિધાર્થી ઉકત શિષ્યવૃત્તિથી વંચિત ન રહી જાય તેની તકેદારી રાખીને કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા.ગાંધીનગર